**તાપમાન**
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૨ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૬૮ | ૨૮ ઓગસ્ટ, ૨૦૧૫, શુક્રવાર ; શ્રાવણ સુદ - ૧૩/૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- રાફિયાબાદમાં વધુ એક આતંકવાદી જીવતો પકડાયો
- લખવી પાકિસ્તાની સેનાના કમાન્ડોની સુરક્ષા હેઠળ છે
- સ્માર્ટ સિટીની યાદી આખરે વિધિવત રીતે જાહેર
- રીક્વરી : સેન્સેક્સમાં ૫૧૭ પોઇન્ટનો ફરીવખત સુધારો
- ગુસ્સાની રાજનીતિના કારણે જ ગુજરાતમાં હિંસા : રાહુલ
- દિલ્હી માટે સંપૂર્ણ રાજયના દરજ્જાની નિતિશની માંગ
- તિહાર જેલની સ્થિતિ ટાઇમ બોમ્બ જેવી બની રહી છે : રિપોર્ટ
- બ્લેક મની-તમામ અમીર સંતોની સંપત્તિ ઉપર નજર
- ઓરિસ્સાના કોરાપુતમાં માઓવાદી અડ્ડાનો પર્દાફાશ
- શ્રીલંકા વિરુદ્ધ ત્રીજી ટેસ્ટ મેચ જીતવા ભારત પર તીવ્ર દબાણ

# રાજયમાં જનજીવન પુન: પૂર્વવત



### કોઈ અનિચ્છનિય બનાવ ન બનતા તંત્રને રાહત હિંસાગ્રસ્ત વિસ્તારોમાં ફ્લેગ માર્ચ કરીને લોકોમાં વિશ્વાસ જગાવવા સેનાના પ્રયાસ : સુરક્ષા વ્યવસ્થા હજુય મજબુત

અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં અનામતને લઈને પટેલ સમુદાય દ્વારા શરૂ કરવામાં આવેલા આંદોલન દરમિયાન ગઈકાલે ગુજરાતના મહેસાણા, સુરત, બનાસકાંઠા, ગાંધીનગરમાં વ્યાપક હિંસા ભડકી ઉઠ્યા બાદ આજે સંપૂર્ણપણે શાંતિ રહી હતી. કોઈપણ જગ્યાએ અનિચ્છનિય બનાવ ન બન્યો હતો. સંપૂર્ણપણે શાંતિ રહેતા તંત્રએ રાહતનો દમ લીધો હતો. બીજીબાજુ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા જે વિસ્તારમાં સેના તૈનાત કરવામાં આવી છે તે વિસ્તારમાં સેના દ્વારા ફ્લેગ માર્ચ કરીને લોકોમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરાયો હતો. બીજીબાજુ ગુજરાતમાં અનામત આંદોલનને લઈને હિંસામાં મોતનો આંકડો વધીને ૯ ઉપર પહોંચી ગયો છે. આજે વધુ એકનું મોત થયું હતું. ડાભોલી વિસ્તારમાં દેખાવકારો સાથે અથડામણમાં ઘાયલ થયેલા દિલીપ રાઠોડનું પણ મોત થયું છે. ચોક બજાર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ દિલીપ રાઠોડનું મોત થતાં મોતનો આંકડો વધીને ૯ ઉપર પહોંચ્યો છે. ગુજરાતમાં મોટાભાગના વિસ્તારમાં સ્થિતિ ધીમે-ધીમે સામાન્ય બની રહી છે. સ્થિતિને સામાન્ય બનાવવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જોકે, અજંપાભરી સ્થિતિ અકબંધ બનેલી છે.રાજયના જે મોટા શહેરોમાં અચોક્કસ મુદતની સંચારબંધી ગઈકાલે લાગૂ કરવામાં આવી હતી તેમાં સુરત, મહેસાણા, રાજકોટ, જામનગર, પાટણના શહેરો, ગાંધીનગરના કલોલ, બનાસકાંઠાના પાલનપુરમાં અચોક્કસ મુદતની સંચારબંધી લાગૂ કરવામાં આવી છે. તમામ જગ્યાઓએ સ્થિતિ બેકાબૂ બની હતી. જોકે, આજે સંપૂર્ણપણે શાંતિ રહી હતી. પાટીદાર સમુદાય તરફથી ગુજરાતમાં આ સમુદાય માટે ઓબીસી ક્વોટાની માંગણીને લઈને આંદોલનની શરૂઆત કરવામાં આવ્યા બાદ એક દિવસના બંધ દરમિયાન ગઈકાલે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી.

આ હિંસા દરમિયાન ગઈકાલે જુદા જુદા વિસ્તારોમાં હિંસાનો દોર જારી રહ્યો હતો. સુરત, મહેસાણા, ઊંઝા, પાલનપુરમાં ઠેર ઠેર આગ ચાંપવાના, સરકારી મિલકતોને નુકસાન કરવાના બનાવ બન્યા હતા. પોલીસ સાથે ઘર્ષણના બનાવો પણ બન્યા હતા. ૨૫થી વધુ બસોને સળગાવી દેવામાં આવી છે. ૧૦થી વધુ પોલીસ સ્ટેશનને પણ સળગાવી દેવામાં આવ્યા હતા. ગઈકાલે વરાછા રોડ, સરથાણા, મોટા વરાછા, કતારગામ સહિતના વિસ્તારોમાં સ્થિતિ વણસી ગઈ હતી. સુરતમાં સ્થિતિ સૌથી વધારે ખરાબ રહી હતી.

બીજી બાજુ પાલનપુરમાં પણ સ્થિતિ ખરાબ રહી હતી અને પોલીસ ગોળીબારમાં બે લોકોના મોત થયા હતા. રાજકોટમાં પણ કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી હતી. હજારો લોકો ટોળામાં ઉમટી પડ્યા હતા. કોઈપણ જગ્યાએ કોઈ અનિચ્છિનય બનાવ ન બને તે માટે તંત્ર બિલકુલ સાવધાન થયેલું છે.

# ગૃહની કાર્યવાહી ચાર વખત ખોરવતા કોંગ્રેસના સભ્યો

### ...ને આખરે સસ્પેન્ડ કરી સાર્જન્ટોએ દૂર કર્યા

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિધાનસભા ગૃહની કાર્યવાહી આજે કોંગ્રેસ પક્ષના સભ્યોએ દાખવેલા આક્રમક વલણને લઈ મુલ્તવી રાખવી પડી હતી. આ પછી સસ્પેન્શન સુધીના પગલાં અધ્યક્ષે લીધા હતા અને સસ્પેન્ડેડ સભ્યોને ટીંગાટોળી કરી બહાર મુકવામાં આવ્યા બાદ ગૃહની કાર્યવાહી ચાલુ કરાઈ હતી.

આજે સવારથી જ કોંગ્રેસ પક્ષે આક્રમક વલણ અપનાવી પોલીસ દમનના મામલે હોબાળો મચાવ્યો હતો અને એક કલાક ગૃહ મુલ્તવી રખાયા બાદ શોક પ્રસ્તાવના મુદ્દાને આગળ કરી વિપક્ષે ધાંધલ મચાવતા ત્રણ તબક્કે અર્ધા કલાક માટે, ૧૫ મિનિટ માટે તેમજ ૧૦ મિનિટ માટે મુલ્તવી રાખવાની અધ્યક્ષને ફરજ પડી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# અનામત હિંસાથી ૨૦ હજાર કરોડથી વધુનું નુકશાન

### ડાયમંડ શહેર સુરત અને અન્ય શહેરો ઠપ : ઓટો મોબાઈલ, ગારમેન્ટ, ટેક્સટાઈલ અને બિલ્ડિંગ મટિરીયલ સહિતના કારોબારમાં ભારે નુકશાન

અમદાવાદ,તા. ૨૭

ગુજરાતમાં પાટીદારોના આંદોલનના પરિણામ સ્વરૂપે ભારે નુકશાન થઈ ચુક્યું છે. અનામતને લઈને શરૂ કરવામાં આવેલા આંદોલનના કારણે ગુજરાતમાં ઉદ્યોગ-ધંધા ઠપ થઈ ગયા છે. ઉદ્યોગ અને કારોબારનું એક જ દિવસમાં ૨૦૦૦૦ કરોડનું નુકશાન થયું છે. દરરોજ આ જંગી નુકશાનના કારણે હાલત કફોડી બની ગઈ છે. બીજીબાજુ સુરતમાં ડાયમંડ યુનિટો પણ બંધ હાલતમાં છે. સુરતમાં વ્યાપક હિંસા ભડકી ઉઠતાં સંચારબંધી લાદવામાં આવી છે. આ સ્થિતિ હજુ ઝડપથી નહીં સુધરે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આનો મતલબ એ થયો કે નુકશાનનો આંકડો ખૂબ મોટો પહોંચી શકે છે. ઓટો મોબાઈલ, ગારમેન્ટ, ટેક્સટાઈલ, ઈલેક્ટ્રોનિક્સ, ટીમ્બર, બિલ્ડિંગ મટીરિયલ, અનાજ, શેરબજાર, ફુટ વસ્તુઓ, અન્ય કારોબારને ભારે નુકશાન થઈ ચુક્યું છે. એક જ દિવસમાં આ નુકશાનનો આંકડો ખૂબ ઊંચો પહોંચ્યો હતો.

**વિપશ્યના સામુહિક સાધના અને સ્નેહ મીલન**

- ફકત જુના સાધકો માટે જ -

રવિવાર, તા:30-08-2015

સવારે 8-00 થી 10-30

સ્થળ: શર્મા હાઉસ, પ્લોટ-172/2, ઈન્કવાયરી ઓફિસ પાસે, સેકટર-7, ગાંધીનગર.

● કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા ભાઈ-બહેનોએ પોતાના નામ મો.નં-9924826594 પર તા.29 સાંજે પાંચ વાગ્યા સુધીમાં અવશ્ય નોંધાવવા.

**જોઈએ છે**
**બાળકોની હોસ્પિટલ માટે**
● નર્સિંગ સ્ટાફ - ૫ (પાંચ) (અનુભવી/બિન અનુભવી)
● રીસેપ્શનીસ્ટ - ૧ (એક) (૧ વર્ષ અનુભવ)
ફોન નં. ૯૯૭૮૯૫૧૮૧૮







